નાબાર્ડની લોનથી કરવામાં આવતા/આવનાર
કામોમાં નાબાર્ડ દ્વારા નિયત કરવામાં આવેલ
ડીફેક્ટ લાયાબીલીટી પીરીયડની જોગવાઇ નું
ચૂસ્તપણે અમલ કરવા બાબત.

ગુજરાત સરકાર
નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
સચિવાલય,ગાંધીનગર
હુકમ ક્રમાંક મતસ/૧૦૨૦૧૩/૨/એમ.આઇ.સેલ(ક-૧)
તા. ૦૫ / ૫ /૨૦૧૪

આમુખ :-

નાબાર્ડની લોન હેઠળ હાથ ધરવામાં આવતા કામોમાં નાબાર્ડ દ્વારા જે શરતો અને બોલીઓ નક્કી કરવામાં આવેલ છે. તે બધી જ શરતો અને બોલીઓ નાબાર્ડની લોનથી હાથ ધરાતા કામોના ટેન્ડરમાં રાખવાની હોય છે. એક શરત ડીફેક્ટ લાયાબીલીટી પીરીયડ બે વર્ષનો રાખવા અંગેની છે. ઘણા કાર્યપાલક ઇજનેરો રાબેતા મુજબના કોન્ટ્રાકટ પ્રમાણે નાબાર્ડની લોનથી કરવામાં આવતા કામોમાં ડીફેક્ટ લાયાબીલીટી પીરીયડ એક વર્ષ રાખતા હોય છે. જેથી નાબાર્ડ દ્વારા નક્કી કરવામાં આવેલ બોલીઓ અને શરતો, ટેન્ડરોમાં રાખવામાં આવેલ શરતોમાં વિસંગતતા ઉભી થાય છે. આમ નાબાર્ડની શરતોનો ભંગ થાય છે.. આવી બાબતનું ફરી વાર પુનરાવર્તન ન થાય તે માટે આ બાબત વિચારણા હેઠળ હતી. જે અંગે નીચે પ્રમાણે નિર્ણય કરવામાં આવે છે.

પરિપત્ર :-

નાબાર્ડની લોનથી કરવામાં આવતા / આવનાર કામોમાં નાબાર્ડ દ્વારા જે શરતો અને બોલીઓ નક્કી કરવામાં આવેલ છે. તે બધી જ શરતો અને બોલીઓનો સમાવેશ ટેન્ડરમાં કરવાનો રહેશે. નાબાર્ડની લોનથી કરવામાં આવતા કામોમાં ડીફેક્ટ લાયાબીલીટી પીરીયડ વધુ રાખવાનો હોય છે. આમ ડીફેક્ટ લયાબીલીટી પીરીયડ નાબાર્ડે સૂચવ્યા મુજબ અથવા સરકારશ્રીના જળસંપત્તિ વિભાગના પરીપત્ર ક્રમાંક મતસ/૧૦૨૦૧૩/૨/એમ.આઇ.સેલ (ક-૧) તા.૧૩/૧૨/૨૦૧૩થી. પરીપત્રિત કરેલ જોગવાઇ મુજબ બેમાંથી જે વધુ હોય તેટલા

સમયનો ડીફેક્ટ લાયાબીલીટી પીરીયડ ટેન્ડરમાં રાખવાનો રહેશે. નાબાર્ડની લોનથી કરવામાં આવતા / આવનાર કામોના ટેન્ડરોમાં નાબાર્ડ દ્વારા નક્કી કરવામાં આવેલ બોલીઓ અને શરતોનો સમાવેશ થઇ ગયા અંગેની ખાતરી મુસદ્દારૂપ ટેન્ડર પેપર મંજુર કરતાં પહેલાં કાર્યપાલક ઇજનેરશ્રીએ કરાવી લેવાની રહેશે.

અગાઉ મંજુર થયેલ આવા કામોના ટેન્ડરમાં આવી કોઇ વિસંગતતા જણાયતો ટેન્ડરમાં જે જે ફેરફાર થઇ શકતા હોય તેટલા સક્ષમ સત્તાધિકારીની મંજૂરી લઇ કરી લેવાના રહેશે અને જો કોઇ ફેરફાર થઇ શકે તેમ ન હોય તો આ અંગેની બાબતો સ્પષ્ટપણે નાબાર્ડના ધ્યાને લાવવાની કાર્યવાહી કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એમ.પી.રાવલ)
ખાસ ફરજ પરના અધિકારી (સિં.યો)
ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ
સચિવાલય,ગાંધીનગર

નકલ સાદર રવાના પ્રતિ,

(૧) માનનીય મંત્રીશ્રી (જ.સં) ના અંગત મદદનીશશ્રી
(૨) માનનીય રાજ્ય કક્ષાનામંત્રીશ્રી (જ.સં) ના અંગત મદદનીશશ્રી
(૩). સચિવશ્રી (જ.સં) ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ, સચિવાલય,
(૪) ખાસ સચિવશ્રી (જ.સં) ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને કલ્પસર વિભાગ
(૫) સર્વે મુ.ઇ.અને અ.સ.શ્રીના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ, સચિવાલય,
(૬) નાણાકીય સલાહકાર (જ.સં)
(૭) સર્વે ઉપ સચિવશ્રીઓ (તાંત્રિક)
(૮) સર્વે અધીક્ષક ઇજનેરશ્રીઓ ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ
(૯) સર્વે પ્રોજેક્ટ શાખા ( ક-૧, ક-૨ , ક-3, જ,એમઆઇસેલ,ક-૭)
(૧૦).સીલેકટ ફાઇલ